ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ (ચોર્યાસી)

**પ્રશ્ન: નાયબ જિલ્લા વિકાસ અધિકારી (ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ જુ.સ્કેલ)ની બઢતીથી નિમણુંક કઇ રીતે કરવામાં આવે છે ? અને તેની ફીડર કેડર કઇ છે ?**

---

**જવાબ :** ગુજરાત વહીવટી સેવા નિયમો, ૧૯૭૪ની જોગવાઇ તેમજ તેમાં થયેલ વખતોવખતના સુધારા અનુસાર સીધી ભરતી અને બઢતીથી ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ (જુ.સ્કેલ)ની ભરતી કરવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૯ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ની જગ્યાઓ પર સદર ઠરાવ અનુસારની સીધી ભરતીની જગ્યાઓ ભરવાની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. તેમજ બઢતીના ફાળે આવતી જગ્યાઓ પર બઢતીની પ્રક્રિયા પંચાયત વિભાગ તથા મહેસુલ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. પંચાયત વિભાગના ફાળે આવતી બઢતીની જગ્યાઓ પર પંચાયત વિભાગ હસ્તકના ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાંથી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ સંવર્ગમાં બઢતી આપવાની પ્રક્રિયા પંચાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૯ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ ની જગ્યાઓ પર સદર ઠરાવ અનુસાર બઢતીના ફાળે આવતી જગ્યાઓ પર બઢતીની પ્રક્રિયા મહેસુલ વિભાગ તથા પંચાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. મહેસુલ વિભાગ હેઠળના મામલતદાર વર્ગ-૨ સંવર્ગમાંથી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ સંવર્ગમાં બઢતી આપવાની પ્રક્રિયા મહેસુલ વિભાગ દ્વારા તેમજ પંચાયત વિભાગ હેઠળના ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાંથી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ સંવર્ગમાં બઢતી આપવાની પ્રક્રિયા પંચાયત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે.

**પ્રશ્ન : હાલની સ્થિતિએ રાજ્યની કેટલી જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની મંજુર થયેલ ૧૦૦% જગ્યાઓ ભરાયેલ છે?**

**જવાબ :** હાલની સ્થિતિએ રાજ્યની ૨૬(છવ્વીસ) જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની મંજુર થયેલ ૧૦૦% જગ્યાઓ ભરાયેલ છે.

૨૬(છવ્વીસ) જિલ્લાના નામ:

(૧) અમદાવાદ
(૨) આણંદ
(૩) અરવલ્લી
(૪) બનાસકાંઠા
(૫) ભરૂચ
(૬) ભાવનગર
(૭) બોટાદ
(૮) છોટાઉદેપુર
(૯) ડાંગ
(૧૦) દેવભૂમિ-દ્વારકા
(૧૧) દાહોદ
(૧૨) ગાંધીનગર
(૧૩) ખેડા
(૧૪) કચ્છ
(૧૫) મહીસાગર
(૧૬) મહેસાણા
(૧૭) મોરબી
(૧૮) નર્મદા
(૧૯) નવસારી
(૨૦) પંચમહાલ
(૨૧) પાટણ
(૨૨) પોરબંદર
(૨૩) સાબરકાંઠા
(૨૪) સુરત
(૨૫) તાપી
(૨૬) વડોદરા

**પ્રશ્ન : હાલની સ્થિતિએ રાજ્યની જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે ? તેમજ મંજૂર જગ્યાઓ પૈકીની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ? આ ખાલી જગ્યાઓ ભરવાનું શું આયોજન છે ?**

---

**જવાબ :** હાલની સ્થિતિએ રાજ્યની જિલ્લા પંચાયતોમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની કુલ-**૭૫** જગ્યાઓ મંજુર થયેલ છે તેમજ મંજૂર જગ્યાઓ પૈકીની **૬૧** જગ્યાઓ ભરાયેલ છે અને **૧૪** જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવામાં આવે છે. સીધી ભરતીની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જ્યારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૫/૦૭/૨૦૧૯ ના ઠરાવથી પંચાયત વિભાગને ફાળે આવતી બઢતીની જગ્યાઓ પર બઢતીની પ્રક્રિયા પંચાયત વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ બઢતીથી ભરવાપાત્ર જગ્યાઓ પર બઢતી આપવાની પ્રક્રિયા બઢતી માટેની લાયકાત ધરાવતા અધિકારી ઉપલબ્ધ થયેથી વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે.

# પંચાયત વિભાગ હેઠળની ગુજરાત વહીવટી સેવા, વર્ગ–૧ની જગ્યાઓની વિગત

| ક્રમ | જિલ્લો | મંજૂર જગ્યા | તા.31.12.23ની સ્થિતીએ | | તા.27.01.24ની સ્થિતીએ | |
|---|---|---|---|---|---|---|
| | | | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| 1 | અમદાવાદ | 3 | 3 | 0 | 2 | 1 |
| 2 | આણંદ | 2 | 2 | 0 | 2 | 0 |
| 3 | અરવલ્લી | 2 | 2 | 0 | 2 | 0 |
| 4 | અમરેલી | 3 | 2 | 1 | 2 | 1 |
| 5 | બનાસકાંઠા | 2 | 2 | 0 | 2 | 0 |
| 6 | ભરૂચ | 2 | 2 | 0 | 2 | 0 |
| 7 | ભાવનગર | 3 | 3 | 0 | 2 | 1 |
| 8 | બોટાદ | 2 | 2 | 0 | 1 | 1 |
| 9 | છોટાઉદેપુર | 2 | 2 | 0 | 2 | 0 |
| 10 | ડાંગ | 1 | 1 | 0 | 1 | 0 |
| 11 | દેવભૂમિ–દ્વારકા | 2 | 2 | 0 | 2 | 0 |
| 12 | દાહોદ | 2 | 2 | 0 | 2 | 0 |
| 13 | ગાંધીનગર | 2 | 2 | 0 | 2 | 0 |
| 14 | ગીર–સોમનાથ | 2 | 1 | 1 | 1 | 1 |
| 15 | જામનગર | 3 | 2 | 1 | 1 | 2 |
| 16 | જૂનાગઢ | 3 | 2 | 1 | 1 | 2 |
| 17 | ખેડા | 2 | 2 | 0 | 2 | 0 |
| 18 | કચ્છ | 3 | 3 | 0 | 3 | 0 |
| 19 | મહીસાગર | 2 | 2 | 0 | 2 | 0 |
| 20 | મહેસાણા | 2 | 2 | 0 | 2 | 0 |
| 21 | મોરબી | 2 | 2 | 0 | 2 | 0 |
| 22 | નર્મદા | 2 | 2 | 0 | 2 | 0 |
| 23 | નવસારી | 3 | 3 | 0 | 3 | 0 |
| 24 | પંચમહાલ | 2 | 2 | 0 | 2 | 0 |
| 25 | પાટણ | 2 | 2 | 0 | 2 | 0 |
| 26 | પોરબંદર | 1 | 1 | 0 | 1 | 0 |
| 27 | રાજકોટ | 3 | 2 | 1 | 1 | 2 |
| 28 | સુરેન્દ્રનગર | 3 | 3 | 0 | 2 | 1 |
| 29 | સાબરકાંઠા | 2 | 2 | 0 | 2 | 0 |
| 30 | સુરત | 3 | 3 | 0 | 2 | 1 |
| 31 | તાપી | 2 | 2 | 0 | 2 | 0 |
| 32 | વડોદરા | 3 | 3 | 0 | 3 | 0 |
| 33 | વલસાડ | 2 | 1 | 1 | 1 | 1 |
| **કુલ** | | **75** | **69** | **6** | **61** | **14** |